સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

હાઈકુ

મૂકે છે મર્યાદા શિસ્તની ને બથં-બથ્થાં થાય છે!
એકમેકને પછાડવા ફોગટ ગોથાં ખાય છે!
ખાય છે જોકાં સંસદે ખાયકીથી ઠાંસેલાં પેટે -
સાંસદશ્રીઓ ધાંધલ-ધમાલનાં ભથ્થાં ખાય છે
(કામ પ્રમાણે વેતનનો કાયદો લાગુ કરો!)

લાગી ઉધઈ,
પ્રજાની તિજોરીને -
ખાય સાંસદો !

ખાય બે બાજુ
અંદર ને બહાર -
ભૂખ્યા સાંસદો !

ચિંતન

આત્મ દૃષ્ટિ જાને નહીં, ન્હાવે પ્રાતઃકાળ,
લોક લાજ લીયે રહે, લાગો ભસ્મ કપાળ.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

આત્મ દૃષ્ટિ એટલે આત્માની ઓળખ વગર કહેવાતા જ્ઞાની પંડિતો, પ્રભુભક્તિ કરવા પ્રાતઃકાળ ઊઠીને સ્નાન કરે, કપાળમાં ત્રિપૂંડ તાણે, હરિનામનો જાપ તો સતત તેમના મુખેથી ચાલુ જ હોય પણ આ સેવા-પૂજા, જપ વગેરે વિધિઓ તો એક ભ્રમ છે એવું કબીર કહે છે. અને કબીર આગળ કહે છે કે આત્માની ઓળખ વગર આતમરામને પામવાની અપેક્ષા રાખવી વ્યર્થ છે. લોકોની સામે પોતાની એક જ્ઞાની પંડિત તરીકેની ઓળખ ઊભી કરવાનો એ એક દેખાડો છે. આવા દંભથી પ્રભુને પામી શકાય ખરો ?

સન્યાસ-સાધુ-સંસાર ત્યાગ પછી પોતાને સમાજ-સંસારની 'અલગ' બતાવવા ભગવા કે સંપ્રદાયનો યુનિફોર્મ, પંથના તિલક, પંથના નક્કી કરેલા મૂર્તિ-ભગવાન ને પકડી તેના જ પ્રચાર કરી પોતાનું વર્તુળ મોટું કરવાની હોડમાં પડે છે કબીર કહે છે કે આ ખોટી દોડ છે આત્મજ્ઞાન જરૂરીછે.

સુવિચાર

- તમે માત્ર નસીબ ને શોધતા હશો તો તકને ઓળખવી મુશ્કેલ છે - **બોધિ વૃક્ષ**
- અનુમાન આપણા મનની કલ્પના છે, અને અનુભવ આપણા જીવનનો પાઠ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- નીતિ સાચી હશે તો નસીબ કયારે પણ દગો નહીં દે - **અમૃત બિંદુ**
- જીવ આપીને પણ જે યશ મેળવી શકાતો નથી તે સારી જીભ વાપરીને મેળવી શકાય છે - **મુંબઈ સમાચાર**
- 'સુંદર' હોવું જરૂરી નથી પણ, કોઈના માટે 'જરૂરી' હોવું સુંદર છે - **રીઝવાન ગુજરાતી**
- મજબૂરીની સ્થિતિ આવતા પહેલાં જ પરિવર્તન કરી લેવું, એ શાણપણ છે - **વિદૂર**
- આજનું ઔષધ : સુંઠ અને મેથી પાઉડર નવશેકા ગરમ પાણી સાથે લેવાથી કમર, હાથપગનો દુઃખાવો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

નદી કિનારા પાસેથી બુદ્ધ પસાર થઈ રહ્યા હતા. કિનારાની રેતીમાં બુદ્ધના પગલાની છાપ પડતી હતી. થોડીકવારમાં એ કિનારા ઉપર કાશીમાં બાર વર્ષ જયોતિષ વિદ્યામાં પારંગત થઈ એક પંડિત પણ ત્યાંથી નીકળ્યા. પંડિતે બુદ્ધના ચરણોના નિશાન રેતીમાં જોયા એ પદ્ચિહ્નોનું નજીકથી નિરીક્ષણ કર્યું અને જયોતિષ વિદ્યાના આધારે માન્યું કે આવા પદ્ચિહ્નો તો કોઈ ચક્રવર્તી સમ્રાટના જ હોઈ શકે પણ પાછું એવો પણ વિચાર આવ્યો કે આવા ભરતડકામાં કોઈ સમ્રાટ ઉઘાડા પગે ચાલે ખરો ? પગલાં ને આધારે ચાલતાં ચાલતાં પંડિત વૃક્ષની છાયામાં આરામથી સુતેલા બુદ્ધ પાસે જઈને ઊભા રહ્યા. બુદ્ધની આખો બંધ હતી એટલે પંડિતે બુદ્ધના પગચિહ્નોને નજીકથી નિહાળ્યાં. પંડિત પરેશાન થઈ ગયા હતાં કારણ કે બુદ્ધના વસ્ત્રો ફાટેલા હતા. પાસે ભિક્ષા પાત્ર પડ્યું હતું. આવા માણસ ચક્રવર્તી હોય તે સંભવ જ નહોતું. એવામાં બુદ્ધ ઉઠ્યાં ત્યારે પંડિતે પૂછ્યું, 'મહારાજ, દુવિધામાં પડી ગયો છું, મારી બાર વર્ષની શીખેલી જયોતિ વિદ્યા પાણીમાં જઈ રહી છે. આપ કોણ છો? અહીં શું કરી રહ્યા છો, મારા ખ્યાલ મુજપ આપતો સમ્રાટ છો તો ભરબપોરે અહીં શું કરી રહ્યા છો ? તમારા દરબારીઓ કયાં છે ? ફાટેલા વસ્ત્રો કેમ પહેર્યા છે ? આ તે કેવું નાટક છે?' બુદ્ધે કહ્યું 'હું ભિક્ષુ જ છું.' પંડિતે કહ્યું, 'તો શું મારા જયોતિષના ગ્રંથ અને અભ્યાસ બેકાર ગયાં ?' બુદ્ધે કહ્યું, 'નહીં, ગ્રંથો તમને કામ લાગશે, દુનિયાના અનેક મૃત લોકો પાસે જઈને એમને ચિહ્ન મેળવો તો મળી આવશે. પરંતુ જે જીવતા વ્યક્તિ છે એની રેખાઓ તમારા ગ્રંથ સાથે મેળ નહીં ખાય. જિંદગી પર કોઈનું બંધન નથી. જિંદગી મુક્ત છે, એનું ભવિષ્ય ભાખવું વ્યર્થ છે.'

સૌરાષ્ટ્ર કબજે કરવાનો ભાજપનો દાવ

તંત્રીસ્થાનેથી...

પગ નીચેથી સરકી રહેલી ધરતી અંકે કરી લેવાના કેન્દ્ર સરકારના પ્રયાસોમાં જસદણની પેટા ચૂંટણી વખતે અપાયેલ વચન મુજબ હવે છેલ્લા ઘણા વખતથી અનિર્ણીત રહેલ એમ્સ હોસ્પિટલ રાજકોટને ફાળવવાનો નિર્ણય લેવાઈ ચૂક્યો છે. ઑલ ઈન્ડિયા મેડિકલ સાયંસ ઈન્સ્ટિટયુટ એટલે તબીબી શિક્ષણ અને સેવાઓ સંદર્ભે સર્વોત્તમ સુવિધા ધરાવતી સંસ્થા. આપણે દિલ્હી ખાતે આવેલ એમ્સ હોસ્પિટલ વિશે અખબારો અને મીડિયામાં આવતા સમાચાર વાંચતા-સાંભલતા રહીએ છીએ. વિશિષ્ટ વ્યક્તિઓને સારવાર માટે એમ્સમાં દાખલ કરાતા હોય છે. દિલ્હી ખાતે આવેલ આ સરકારી હોસ્પિટલ ભારતની સર્વોત્તમ તબીબી સેવાઓ આપતી હોઈ એની ઊંચી પ્રતિષ્ઠા છે. એમા સ્નાતકોત્તર તબીબી ઉપાધિ મેળવવા માટે દેશના શ્રેષ્ઠ તબીબી સ્નાતકો અને અનુસ્નાતકો લાઈન લગાવીને બેઠા હોય છે. ગુજરાતની મેડિકલ કોલેજોમાંથી એમ.ડી. થઈને એમ્સ ખાતે ડી.એમ.ની. ડિગ્રી મેળવવી એ તબીબની યશકલગીનું મોરપિચ્છ ગણાય છે.

મોદી સરકારે દિલ્હીની એમ્સ જેવી સંસ્થાનો વિવિધ પ્રદેશોમાં સ્થાપવાની પહેલ કરી છે તે પ્રંશસનીય છે. જે ચાર રાજયો માટે એમ્સ ઈન્સ્ટિટયુટ ફાળવાયાં છે એમાં ગુજરાતનો સમાવેશ કરી ભૂવો ધૂણે તો પણ નારિયેળ તો ઘર તરફ જ ફેંકે - એ કહેવત સાર્થક થતી વપરાય છે. પરંતુ 'એમ્સ' જેવું ઉત્તમ સંસ્થાન ગુજરાતમાં કયા શહેરમાં ફાળવાયું તે મુદ્દે સ્વાભાવિક રીતે જ અવઢવ પ્રવર્તતી હતી. સૌરાષ્ટ્રની માગણી વાજપી પણ હતી, પરંતુ સામે વડોદરા અને સુરત જેવા મહાનગરો અને ખુદ પાટનગર ગાંધીનગરના દાવા નજર અંદાજ કરવા અઘરા હતા. અમદાવાદનો દાવો પણ ગેરવાજબી ન ગણાય, પરંતુ મેડિકલ સેવાઓનું હબ બની ચૂકેલું અમદાવાદ સિવિલ હોસ્પિટલ જેવી એશિયાની સૌથી મોટી હોસ્પિટલ ધરાવે છે. એ જુદી વાત છે કે સિવિલ હોસ્પિટલની અને એમ્સની પ્રતિષ્ઠા વચ્ચે આસમાન જમીનનું અંતર છે, એમ્સ ભલે સરકારી પ્રતિષ્ઠાન હોય પણ એ અદ્યતન સાધનોથી અને સ્ટાફથી સજ્જ આંતરરાષ્ટ્રીય સ્તરની તબીબી સેવા શિક્ષણની સંસ્થા હોવાની. રાજકોટ કયારેક સૌરાષ્ટ્રની રાજધાનીનું ગૌરવ ધરાવતું નગર હતું. છેલ્લાં વર્ષોમાં દેશનાં સૌથી ઝડપી વિકસતાં શહેરોમાં રાજકોટ મોખરાનું સ્થાન ધરાવતું રહ્યું છે. પરંતુ રાજકોટને મેડિકલ કૉલેજ ઘણી મોડી મળી. આખા સૌરાષ્ટ્રમાં એ ગૌરવ સૌ પ્રથમ જામનગરને પ્રાપ્ત થયેલું. સરકારી ગ્રાંટમાંથી ચાલતી મેડિકલ કૉલેજો હતી ત્યારે એમાં જામનગરની ઈરવિન હોસ્પિટલ (જે હવે ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલ તરીકે ઓળખાય છે) સાથે સંલગ્ન એમ.પી. શાહ મેડિકલ કૉલેજ હતી. રાજકોટને એમ્સ મળતા હવે સૌરાષ્ટ્ર પંથક માટે ભાજપ સરકાર સવિશેષ ચિંતિત છે. એવો સ્પષ્ટ મેસેજ જશે. રાજકોટના જ વતની વિજયભાઈ રૂપાણીને મુખ્યમંત્રી બનાવ્યા છે તથા ભાવનગરના જિતુ વાઘાણીને પ્રદેશ અધ્યક્ષ નીમ્યા છે તેમ એમ્સ જેવી પ્રતિષ્ઠિત સંસ્થા પણ રાજકોટને ફાળે આપીને કેન્દ્ર સરકારે સૌરાષ્ટ્ર પર રાજકીય સકંજો કસવાનો વધુ એક દાવ ખેંલ્યો છે. એથી વડોદરા જેવાં અન્ય દાવેદાર શહેરોમાં પ્રતિકૂળ પડઘા પણ પડી શકે છે, પરંતુ ચૂંટણીલક્ષી અભિગમની રૂપએ ભાજપ માટે સૌરાષ્ટ્ર વધુ મહત્ત્વનું છે.

બેટા, અહીં બધા ધર્મોના તહેવારો ઉજવાય છે

નવાં કલેવર
નટવર હેડાઉ

આપણે ત્યાં શિયાળાની ફુલગુલાબી ઠંડી શરુ થતાંની સાથે જ નળ સરોવર, થોળ જેવા સ્થળો એ વિદેશી પક્ષીઓનું આગમન થાય છે એ જ રીતે યુરોપ-અમેરિકાની કાતિલ હાડથીજવતી ઠંડીથી બચવા ત્યાં વસતા એન.આર.આઈ. પરિવારો પણ ગુજરાતમાં બે ત્રણ મહિના માટે આવી જતા હોય છે.

કેનેડાના ટોરેન્ટોમાં રહેતા રાકેશભાઈ ઉર્ફે રોકી અને તેમનો પાંચ વર્ષનો દીકરો વ્રજ ઉર્ફે વીકી જે પ્રથમ વખત ભારત આવતો હતો. પિતા પુત્ર વિમાનમાં બેઠા હતા. વીકી વિમાનની બારી પાસે બેઠો હતો. વિમાન ઉડ્યું અને વાદળોમાંથી પસાર થવા લાગ્યું. નીચેના દૃશ્યો જોવાની વીકીને ખુબ જ મજા પડી. મકાનો, રસ્તા, ખેતરો અને જંગલ બધુ કોઈ ચિત્રમાં દોરેલું હોય તેવું લાગતું હતું. વિમાનમાં કેટલાક મુસાફરો કંઈક વાંચતા હતા તો કોઈ વળી ઝોકું ખાતા હતા. વીકી ખુબ જ ઉત્સુકતા પૂર્વક નીચેના દશ્યો ને જોઈ રહ્યો હતો. તે થોડી થોડી વારે તેના પપ્પાને પ્રશ્નો પૂછતો હતો. દીકરાની જીજ્ઞાસા સંતોષવા રાકેશભાઈ પણ તેને જવાબ આપવાની સથે બદું સમજાવવાની કોશિષ કરતા હતા.

'પપ્પા, આપણું વિમાન અત્યારે કયા દેશ પરથી ઉડી રહ્યું છે.'

'ઈંગ્લેન્ડ'

'વાહ, વાહ પપ્પા વાહ આટલા બધા તહેવારો અને તે પણ એક દેશમાં એક જગ્યાએ ઉજવાય... મજા આવી જવાની...' વીકીને આખી મુસાફરીમાં પહેલીવાર ખુશ થઈને તાલીઓ વગાડી

'ત્યાંના લોકો ક્રિસમસ ઉજવે છે?'

'હાં બેટા, આ ખ્રિસ્તીઓનો દેશ છે. અહીં ફક્ત ક્રિસમસ ઉજવવામાં આવે છે. યુરોપ અને અમેરિકાના મોટા ભાગના દેશોમાં ક્રિસમસની જ ઉજવણી થાય છે.'

'પપ્પા હવે આપમે કયાં છીએ?'

થોડીવાર પછી બાળકે ફરી પ્રશ્ન કર્યો.

'હવે આપણું વિમાન સાઉદી અરબ ઉપરથી ઉડી રહ્યું છે.'

'શું ત્યાં પણ ક્રિસમસ ઉજવવામાં આવે છે?'

'ના બેટા, અહીંથી પાકિસ્તાન સુધી મુસ્લિમ દેશો છે. તેઓ ઈદ મનાવે છે.'

વીકી કુતૂહલથી જોઈ રહ્યો હતો. વિમાન વિશાળ રણ વિસ્તારો અને હિલોડા લેતા સમુદ્ર ઉપરથી પસાર થતું આગળ વધતું હતું.

'અને હવે આપણે કયાં છીએ?' થોડા સમય પછી નાના બાળક એવા વીકીએ એજ પ્રશ્ન કર્યો.

'હવે આપણું વિમાન ભારતીય સરહદમાં દાખલ થઈ ચૂક્યું છે. અમદાવાદ હવે દૂર નથી.'

'આપણે આપણી મંઝિલે પહોંચવાની તૈયારીમાં છીએ.'

'પપ્પા, અહીંના લોકો ક્રિસમસ ઉજવે છે ખરાં?' ફરી એ જ પ્રશ્ન.

'હા, બેટાં, અહીં બધા ધર્મોના તહેવારો ઉજવાય છે. અહીં ખ્રિસ્તી લોકો ક્રિસમસનો તહેવાર ધામધૂમથી ઉજવે છે. તો મુસ્લિમો પણ દિલથી ઈદ મનાવે છે. અને હિંદુઓ દિવાળી, હોળી, દશેરા જેવા અનેક તહેવારો હસીખુશી અને ઉત્સાહથી ઉજવે છે. અહીં બુદ્ધ ધર્મના લોકો બુદ્ધપૂર્ણિમા, જૈન ધર્મના લોકો મહાવીર જયંતી અને શિખ સમુદાય ગુરુ પર્વ ખુબ શ્રધ્ધા અને ભક્તિપૂર્વક ઉજવે છે. પારસી લોકોની વસ્તી પણ આપણે ત્યાં છે. તેઓ પણ તેમનો તહેવાર ઉજવે છે.'

'વાહ, વાહ પપ્પા વાહ આટલા બધા તહેવારો અને તે પણ એક દેશમાં એક જગ્યાએ ઉજવાય... મજા આવી જવાની...' વીકીને આખી મુસાફરીમાં પહેલીવાર ખુશ થઈને તાલીઓ વગાડી. આજુબાજુ બેઠેલ મુસાફરો પણ તેની સાથે જોડાયા.

ચૌદશીયાવૃતિ : પારકાના દુઃખે સુખી અને પારકાના સુખે દૂઃખી

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

રાજાશાહી સમયમાં રાજાઓ પોતાના ગુપ્તચરો રાખતા અને ગુપ્તચરોદ્વારા નગરમાં બનતી સારી-નરસી ઘટનાઓના સમાચાર તેઓ ગુપ્તચરો દ્વારા મેળવતા. પાંડવોની ક્ષણેક્ષણની માહિતી પોતાને મળે તે માટે દુર્યોધને પણ ગુપ્તચરોનું તંત્ર ગોઠવ્યું હતું. પાંડવોના કોઈપણ પ્રકારના સુખના સમાચાર તેઓને મળતા તો તેઓના પેટમાં તેલ રેડાતું. પાંડવોના સુખના સમાચાર મળ્યા પછી તેઓ પાંડવોના એ સુખને છીનવી લેવા માટે કાવતરાઓ ઘડતા અને આકાશ પાતાળ એક કરતાં.

એવી જ રીતે ચૌદશીયા લોકોનું પણ પોતાનું એક અનૌપચારિક પ્રકારનું ગુપ્તચર તંત્ર ગોઠવેલું હોય છે. તેઓની નજર ચારે દિશાઓ તરફ સતત ફરતી જ રહેતી હોય છે. બીજી રીતે કહીએ તો તેઓનું 'નેટવર્ક' એટલું પથરાયેલું હોય છે કે પોતાના ગામ કે મહોલ્લામાં કોઈને પણ ત્યાં સારી કે ખરાબ ઘટના બને તો તેને તેની ખબર તરત જ મળી જતી હોય છે. હાલનાં સોસીયલ મીડિયાનાં જમાનામાં તો ચૌદશીયાઓનું નેટવર્ક ખૂબ જ સરળ અને ઝડપી બની ગયું છે.

ચૌદશીયાને પોતાના ગામ કે મહોલ્લાની કોઈપણ પ્રકારની સારી કે ખરાબ ઘટનાના સમાચાર મળે એટલે તુરત જ તેઓ એ ઘટનાનું પોતાની રીતે વિશ્લેષણ કરતાં હોય છે. ક્યારેક તેનું મિત્રમંડળ જેમાં મોટાભાગે ચૌદશીયાઓ જ હોય છે તેઓ સાથે મળીને વિશ્લેષણ કરીને પોતાનો **'Action Plan'** બનાવતા હોય છે. ચૌદશિયા લોકો જ્યારે ઘટનાનું વિશ્લેષણ કરીને પોતાનો **"action plan"** બનાવતા હોય છે ત્યારે તેઓના કાર્યોને બિરદાવવા વાળા કે તેઓને પાનો ચડાવવા વાળા મિત્રો પણ તેની આજુબાજુ મૌજૂદ જ હોય છે.

એ લોકોને કાયદા, નિયમો, નીતિમત્તા કે સિધ્ધાતોને ગણકારતાં હોતા નથી અને તેની સાથે કશી જ લેવાદેવા હોતી નથી. તે લોકો પોતાના ક્ષણિક આનંદ માટે ગમે તેવા સિધ્ધાંતોને નેવે મૂકી દેતાં હોય છે, માનવતાને કોરાણે મૂકી દેતાં હોય છે અને દયાહીન બનીને, ક્રુર કે ઘાતકી થઈને અન્ય વ્યકિતને શારિરીક, માનાસિક કે ભાવાત્મક ઈજા પહોચાડતા પણ અચકાતાં નથી. આવું કરીને તેઓ ક્યારેક રાક્ષસી આનંદ માણતા હોય છે. દુશ્મનાવટ અને વેર લેવાની વૃતિ તો તેઓના લોહીમાં જ હોય છે.

જે લોકોની ચૌદશીયા વૃતી હોય છે એ લોકો બે વ્યકિતઓના સારા સંબધો પણ જોઈ શકતા હોતા નથી. કોઈ બાપ-દીકરાના, કોઈ બે ભાઈઓના, કોઈ દિયર-ભોજાઈનાં, કોઈ પતિ-પત્નીનાં કે કોઈ બે કુટુંબો વચ્ચેનાં સારા સંબધો જોઈને ચૌદશીયા લોકોનાં હૃદયમાં આગ ઝરતી હોય છે. પોતાના સ્વભાવ અને વૃતી પ્રમાણે ચૌદશીયા લોકો પોતે ન જોઈ શકતા સારા સંબધો વચ્ચે તિરાડ પાડવા માટે પોતાનાથી શક્ય એટલા બધા જ પ્રયત્નો કરી છૂટતા હોય છે. જયાં સુધી પોતાના પ્રયત્નોનું પરિણામ નાં આવે ત્યાં સુધી એ લોકો ઝંપીને બેસતા નથી, પછી પરિણામમાં સફળતા હોય કે વિફળતા હોય પણ પોતાના પ્રયત્નોમાં પાછું વળીને જોતાં નથી.

આપણે સૌ ક્યારેક ને ક્યારેક તો કોઈની ચૌદશીયાવૃતિનો ભોગ બનતા જ હોઈએ છીએ. ખાસ કરીને આપણાં કોઈ સાથેના સંબધો વચ્ચે દિવાલ ઊભી કરવા માટે ચૌદશીયા લોકો પોતાની વૃતી કામે લગાડતા હોય છે ત્યારે આપણાં સંબધોની સાચી કસોટી થતી હોય છે. બે સંબધીત વ્યકિતઓ વચ્ચે જ જ્યારે સંબધોમાં ગેરસમજણો ઊભી થાય કે મડાગાંઠ ઊભી થાય ત્યારે એ બે વ્યકિત વચ્ચે ગેરસમજણ દૂર કરવા કે મડાગાંઠ ઉકેલવાનું સહેલું બને છે. જ્યારે બે સંબધો વચ્ચે ચૌદશીયા લોકોનાં હસ્તક્ષેપ થકી સંબધોમાં દિવાલોમાં ઊભી થાય છે ત્યારે એ દિવાલોને તોડવી મુશ્કેલ બનતી હોય છે. આવી પરિસ્થિતિમાં આપણાં સંબંધો વિષે આપણે જો સજાગ જો રહીએ , આપણે જ આપણાં સંબધોમાં જો દ્રઢતા વ્યકત કરી શકીએ તો ચૌદશીયાની કારી ક્યારેય ફાવી શકે નહીં, ચૌદશીયાનાં પ્રયત્નો ક્યારેય સફળ થઈ શકે નહિ. ચૌદશીયાઓની વૃતી કરતાં આપણું મનોબળ વધારે દ્રઢ જ હોય છે અને તેના થકી જ સંબંધોની દ્રઢતા વધારે મજબુત થતી હોય છે.

આપણે સૌ બે દ્રષ્ટિકોણથી આત્મવિશ્લેષણ કરીએ. એક, આપણી પોતાની વૃતિ જ જો ચૌદશિયા જેવી હોય, આપણે કોઈનું સુખ જોઈ ના શકતા હોઈએ, આપણે વિઘ્નસંતોષી હોઈએ, તો ભગવાન આપણને બચાવે. ચૌદશિયા વૃતિથી પીઃડાતા લોકો પોતે ક્યારેય સુખી થઈ શકતા નથી, કારણકે તેઓ પોતાના સુખ માટે તો કોઈ પ્રયત્નો કરતાં જ નથી. ચૌદશિયા લોકો તો અન્ય લોકોના સુખને છીનવી લેવા જ પ્રયત્નો કરતાં હોય છે. દુર્યોધન, દુઃશાસન કે શકુનીએ હસ્તિનાપુર રાજયની કે પોતાના સુખની જો ખેવના કરી હોત તો પૂર્ણ આર્યવર્તમાં તેઓના નામનો ડંકો વાગી જાત. દુર્યોધન અને તેની ટોળકીએ એવું કશું જ કરવાને બદલે માત્ર વિઘ્નસંતોષી બનીને પાંડવોના સુખને છીનવવાની જ ચેષ્ટાઓ કર્યા કરી. પરિણામ એ આવ્યું કે પાંડવો તો દુઃખી થયા સાથે સાથે કૌરવકુળનો પણ નાશ થઈને જ રહ્યો.

આપણે બીજા દ્રષ્ટિકોણથી આત્મવિશ્લેષણ કરીને આપની જાતને પૂછીએ કે આપણે કોઈની ચૌદશિયા વૃતિનો ભોગ તો બન્યા નથી ને? આપણાં સંબંધોના હવનમાં ચૌદશિયાઓ હાડકાં નાખતા નથી ને? જો એવું હોય તો આપણે સચેત અને સાવચેત બની જવું પડે. આપણાં સંબંધો વચ્ચે ચૌદશિયાઓ દીવાલો ઊભી કરે, તીરાડો પાડે એ પહેલા જ આપણે ચેતી જઈએ. પાણી આવે એ પહેલા પાળ બાંધી લઈએ, આપણાં સંબંધોને સંભાળી લઈએ અને ચૌદશિયા લોકોના બદઈરાદાઓને વિફળ બનાવીએ.

આપણી વૃતિ કરતાં આપણાં ઈરાદાઓ વધારે દ્રઢ હોય ચ્હે. જરૂર હોય ચ્હે માત્ર દ્રઢતાપૂર્વક એ વૃતિઓ ઉપર કાબૂ રાખવાની. વિઘ્નસંતોષ જેવી આપણી વૃતિ હોય તો તેને સંકોરી લઈએ તો સંબંધોનું વિશ્વ જે આપનું જ છે, એ આપનું થઈને જ રહે !

મૂઢતા

થોટ
નટવર આહલપરા

પહેલા મૂઢનો અર્થ જોઈએ તો મૂઢ એટલે ઠોઠ; મોહમાં પડેલું એવો થાય છે અને મૂઢતા એટલે બેવકૂફી એમ થાય છે. મૂઢ પરથી જ મીંઢો શબ્દ આવ્યો હશે. મૂઢતા એ એક પ્રકારની જડતા છે. આમ તો મૂઢતાને નિશ્રોષ્ઠ, બુદ્ધિહીન, મૂર્ખ અને 'બ્રૂટ' ગણવામાં આવે છે. મૂઢતાથી સભર લોકોનું ચિત્ત મૂઢ થઈ ગયું હોય છે. મૂંઝાઈ ગયેલા કે વિચાર શૂન્ય થયેલા લોકોની દૃષ્ટિ, બુદ્ધિ અને મતિ પણ મૂઢતા ભરેલી થાય છે.

મૂઢતા ભરેલો મૂઢાત્મા મૂઢ થઈ ગયેલો જીવાત્મા ગણાય છે. મૂઢતા અવસ્થા પણ ખરાબ છે. નિદ્રા, તંદ્રા વગેરેથી ઘેરાયેલી દશા, કશું સમજી ન શકે તેવી મનની દશા એટલે મૂઢતા.

ભોળો, બોદો અને મૂઢતાભર્યો માણસ પોતાના માટે, સમાજ માટે અને રાષ્ટ્ર માટે ખતરારૂપ છે. નિખાલસતા મૂઢ માણસમાં કયારેય આવતી નથી. મીંઢા લોકો તો 'મહેતો મારેય નહીં અને ભણાવેય નહીં' એમ કરતા હોય છે. જોકે ઘણી વાર માણસને સમય, સંજોગો મૂઢતા તરફ લઈ જાય છે તેમાં તેનો દોષ હોતો નથી. 'હા કહે તો હાથ કપાય અને ના કહે તો નાક કપાય' તેવી સ્થિતિમાં માણસ મૂઢ બની જાય છે.

અખો કહે છે કે તેમ,

અનુભવની દેખાડે આંખ, મનમાં જાણે ધનની ધાંખ,

માંહેલું મન માયામાં ફરે, વૈખરીએ વાત બ્રહ્મની કહે.

આવા મૂઢતાભર્યા માણસથી દૂર રહેવામાં જ મજા છે.

ચૂંટણીઓ આવે અને ઉન્માદ-બફાટ બેફામ થઈ જાય!!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જયાં સુધી દેશમાં લોકશાહી છે ત્યાં સુધી ચૂંટણીઓ અનિવાર્ય પ્રક્રિયા છે અને તે હોય તેમાં કોઈ વિવાદ નથી ભવિષ્યમાં ડિજિટલ કંઈક એવું પરિવર્તન આવે કે કશી જ બબાલ કે આશંકા - અને શંકા વિનાનું મત ગણતરીનું માધ્યમ પ્રાપ્ત થાય એટલે મહંદેશે ચૂંટણી પરિણામ નિર્વિવાદ સ્થાપિત થઈ જાય. ચૂંટણીઓ આવે ને જાય, પક્ષો આવે અને જાય, વ્યક્તિઓ આવે ને જાય, વ્યક્તિઓ આવે ને જાય પણ દેશ એક રહેવો જ જોઈએ એવું અટલજીનું ઉદ્બોધન યાદ આવે છે. કેટલી નક્કર વાત એમને કરી હતી. રાષ્ટ્રનું ઐક્ય અંતે મહત્ત્વનું હોય છે. ચૂંટણીઓમાં પ્રજામત રહેલો હોવાથી જનાદેશ મળ્યો તેવું કહેવામાં આવે છે. તંદુરસ્ત લોકશાહીમાં ચૂંટણી વખતે માહોલ ખેલદિલી ભર્યો અવશ્ય રહેવો જોઈએ પણ આપણે બધા જોતા આવ્યા છીએ કે જેવી ચૂંટણી આવી કે સર્વત્ર વાણીવિલાસ બેકાબુ થઈ જાય છે!

મુદ્દા આધારિત વાસ્તવિક સવાલો પર ચર્ચા કરવાના બદલે નકામા - તુચ્છ, નગણ્ય વિષયો ઉપર હલકી ભાષાથી પ્રહારો કરવાની એક હોડ લાગે છે જે અતિ નિંદનીય છે. સમયાંતરે સમય તેનું કામ કરતો જ હોય છે એટલે હાર કે જીત ગમે તે પક્ષ તરફ જઈ શકે છે. પરંતુ હવે પરિણામો બાદ પણ સોશિયલ મીડિયામાં જે ગંદી વાતો - વીડિયો વગેરે ઠલવાય છે તે ભારતની પરંપરા સંસ્કૃતિને ગંભીર હાનિ અવશ્ય પહોંચાડે છે. આમ નાગરિક હંમેશા એવું જ ઈચ્છે છે કે દેશની પ્રગતિ થાય પ્રત્યેકને જીવનનો બોજ ઓછો બને અને વિશ્વમાં ભારત મહાન બને. ઈચ્છવથી નક્કર કંઈ બનતું નથી તેના માટે નેતૃત્વની દૃષ્ટિ, અભિગમ, આયોજન અને કાર્ય અતિ મહત્ત્વનાં ગણવામાં આવે છે. પક્ષાપક્ષીનાં વેર-ઝેર અને બફાટ કરવાથી સમાજની એકતાને ધક્કો લાગતો રહે છે. ધર્મ, ભગવાન, ગૌત્ર જાતિ, જેવી ચર્ચા શા માટે ?

આટલી બધી આબાદી, સંપ્રદાયો, જાતિ-જ્ઞાતિ, માન્યતાઓ હોવાથી પ્રત્યેકની રૂચિ-પસંદ વગેરેમાં તફાવત અવશ્ય રહેતા જ હોય માટે કોઈ પૂર્વગ્રહ કે વયમનસ્ય કદી ઊભા ના થાય તે રીતે આચાર સંહિતાના અમલીકરણની હવે જરૂરિયાત લાગી રહી છે. અંતે પ્રજા ઝંખે છે તે શું છે ? એ જવાબની દરેકને ખબર હોવા છતાં દુઃખની બાબત છે કે અવારનવાર હનુમાનજી જ્ઞાતિ એ કેવા હતા તેવા મુદ્દા ઉપર બ્યાનબાજી થઈ !! ઈશ્વર કે ભગવાન એ સૌનાં પોતપોતાના શ્રદ્ધાથી હૃદયમાં સ્થાપિત એક શક્તિ છે ઈશ્વર સૌના છે કેમ કે એ શ્રદ્ધાનો વિષય છે. તેવા મુદ્દે સ્પર્ધા કરી ગમે તે બોલવું જરા પણ શોભનીય નથી. ગમે તે પક્ષ ચૂંટણી લડે તેની સામે વિશાળ સમસ્યાઓ કંઈ નવી કે જુદી નથી હોતી જેમ કે કૃષિનાં પ્રશ્નો, ભણેલા લોકોની બેરોજગારી, જળપ્રબંધનના પ્રશ્નો, સામાજિક બદીઓ, ભ્રષ્ટાચાર, ગરીબી, રાષ્ટ્રની સુરક્ષા વગેરે હોય તો પછી લોકોને અન્ય સવાલો તરફ ખેંચી જવાની ચેષ્ઠાઓ ઘૃણાસ્પદ લાગે છે. પ્રજાની માનિસકતા આઝાદીના આટલા વર્ષો બાદ બદલાઈ નથી. વર્ષો પહેલા ચીનમાં ચીનની દિવાલ બનાવવામાં આવી જેનો હેતુ એવો હતો કે ચીનની અંદર કોઈ સરળતાથી પ્રવેશી ના શકે પરંતુ સમય જતા એવું બન્યું કે દિવાલ કૂદીને આવવાના પ્રયાસોની જગ્યાએ પ્રવેશદ્વાર ઉપરનાં રક્ષકોને જ લાંચ-રૂશ્વત આપતા જ એ શક્ય થઈ ગયું અર્થાત્ સુરક્ષા મોટી મજબુત ઊંચી હોવા છતાં ત્યાં કામ કરનારનું ઘડતર ઊંચુ ના થયું તો અસંભવ ઘટના સરળતાથી થઈ શકી. હ્યુમન કેરેકટરનું સર્જન ના થાય તો બધું વ્યર્થ હોય છે! કોઈ પણ રાષ્ટ્રની સંસ્કૃતિને ધ્વસ્ત કરવાના ત્રણ માર્ગો પ્રવર્તે છે. પ્રથમ પરિવાર પદ્ધતિ અને કિંમતનો નાશ થવા દેવો બીજું પરંપરાગત શિક્ષણનો પણ નાશ કરવો, ત્રીજું આદર્શો જે હોય તેમાં દખલ કરી વિનાશકારક બધુ ઘૂસાડી દેવું. આ ત્રણ બાબતોમાંથી જ સમાજ ઝડપથી પતનની દિશામાં ધકેલાઈ જાય છે અને કમનસીબે ભારતમાં આ પ્રમાણેની સ્થિતિ ઊભી થઈ છે તે ચિંતાકારક છે.

પરિવારમાં પતનનાં માતાનું સ્થાન જે છે તેનું અવમૂલ્યન કર્યું છે. જેની ગૃહિણી હોવાનું ગર્વ ઘટ્યું અને એક માતા સો શિક્ષકની ગરજ સારે પરંતુ આ બાબતે હાલત બગડી છે. પરિવારો જે સંયુક્ત હતા તે તૂટી ગયા અને વૃદ્ધાશ્રમો વિકસતા થયા છે. શિક્ષણમાં ધંધાદારી વૃત્તિથી ગુરુ-શિષ્યના સંબંધો રહ્યા નથી કે જે વિદ્યાર્થીમાં બધા જ ગુણોનું સિંચન કરતા હોય છે ! રોલ મોડેલમાં જે લોકો રાષ્ટ્ર માટે કાર્ય કરે છે જાન આપે છે તે રહ્યા નથી બલકે જે ઝાકમઝોળ કૃત્રિમતાથી છલોછલ છે તેના પાત્રો ભજવ